છાંયડો

REQUIRES
at Udhana Main Road

Pharmacist/Account Clerk/Phlebotomist

Two years experience is must.

Apply on email : **123jivanjyot@gmail.com** within 7 days.

R E Q U I R E D

1. Chartered Accountants
2. Senior Audit-cum-Tax Assistants :
   Qualification Expected : Inter C.A. / M.Com. / M.B.A.
3. Junior Audit-cum-Tax Assistants :
   Qualification Expected : Graduation in any faculty
4. Articled Assistants

Note : Those who have appeared for above exams and results are awaited may also apply.

M/S. HIREN M. DIWAN & COMPANY
Chartered Accountants

Email : apply2hmdiwan@gmail.com
Phone : 2470101 / 102 / 103 / 104 / 105

ડી. નર્મદા તા.ચીકદાના મોજે ગામ મોટીબેડવાણના રેવ. સર્વે/બ્લોક નં. ૯૬(જુનો રેવ. સર્વેનં. ૨૬/૨) ની જુની શરતની ખેતીની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ **નર્મદા** સબ–ડીસ્ટ્રીકટ તાલુકો **ચીકદા**ના મોજે ગામ **મોટીબેડવાણ**ના **રેવ. સર્વે/બ્લોક નં. ૯૬** (જુનો રેવ. સર્વે નં. ૨૬/૨), જેનુ કુલ્લે ક્ષેત્રફળ હે. ૧–૭૭–૫૨ આરે ચો. મીટર જમીન, જેનો ખાતા નં. ૨૧૯ તથા આકાર રૂા. ૩.૮૦ પૈસા થી નોંધાયેલ જુની શરતની ખેતીની ખુલ્લી જમીન **(૧) જમનભાઈ વલ્લભભાઈ રાંક ઉર્ફે સોજીત્રા, (૨) કિષ્ણાબેન જમનભાઈ રાંક, (૩) અંજનાબેન વિજયકુમાર નસીત તે જમનભાઈ રાંકની પુત્રી તથા (૪) રાહુલકુમાર જમનભાઈ રાંક** નાઓની સંયુકત માલીકી, કબજા ભોગવટા, વહીવટ–વ્યવસ્થા હેઠળની તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી હોવાની ખાત્રી, ભરોસો અને વિશ્વાસ આપી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, ખાનગી ભાગીદારો, સ્વાયત સંસ્થા કે બેન્ક વિગેરે હરકોઈના લાગભાગ, હકક–હિસ્સા, દર–દાવા, જપ્તી–અલજપ્તી, લેણું–બોજા, સોદા–સાટાખત, પાવર ઓફ એટર્નીની જેવા લેખો યા કોઈપણ પ્રકારના લખાણો યા કોર્ટ પ્રકરણો વિગેરે હોય તો તેમણે કાયદેસરના પ્રમાણીત પુરાવા સહીત **દીન–૭** માં તે અંગેની સંપુર્ણ લેખીત ખાત્રી અમોને રૂબરૂ મળી કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સંબંધ, હકક–હિસ્સો કે લાગભાગ, દર–દાવા, કબજા–ભોગવટા યા ઈઝમેન્ટના હકકો વિગેરે નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ માની લઈ અમારા અસીલ મજકુર માલીક સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી જરૂરી કાયદેસરના લખાણો–દસ્તાવેજો વિગેરે કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો–વિરોધ, દર–દાવો વિગેરે ચાલશે નહી, તેની આ જાહેર નોટીસ થકી લાગતા વળગતા તમામએ નોંધ લેવી. **અસીલની સુચના અને ફરમાઈશથી** તા. ૧૭/૦૫/૨૦૨૬

ઠેકાણુઃ– ૨૨૦, રાજહંસ પોઈન્ટ, જુના ગીતાંજલી પાસે, વરાછા રોડ, સુરત. મોબા. નં. ૯૯૭૮૯–૯૩૯૫૦

ધવલભાઈ પી. કળથીયા
તે ખરીદનારના એડવોકેટ

જાસ્મીનબેન તે જયંતિભાઈ ગાંડાભાઈ પટેલની દિકરીનાએ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણમાં આપેલ જાહેર ચેતવણી વિરૂધ્ધ ખુલાસો

જાસ્મીનબેનની સદર નોટીસ તદન ખોટી, ગેરકાયદેસરની તથા અશુધ્ધબુધ્ધિપુર્વકની છે તથા સત્યથી તદન વેગળી છે. જાસ્મીન તે જયંતિભાઈ ગાંડાભાઈ પટેલની દિકરીનાએ તેમની નોટીસમાં પોતે કબુલ રાખેલ છે કે, નોટીસમાં વર્ણવેલ જમીન/મિલકતો બાબતે તેમણે મારા અસીલ નિલ્પેશ જશવંતભાઈ પટેલનાઓને કુલમુખત્યારનામાઓ તથા અમલ કરાવી શકાય તેવા કરારો કરી આપેલા છે અને જે રીતે જાસ્મીનબેન પોતે ભારતમાં અને કેનેડામાં રહી આવ-જાવ કરે છે તે રીતે જોતા જાસ્મીનબેનનાએ મારા અસીલના લાભમાં કરી આપેલા તમામ લખાણોથી પ્રથમથી જ સારી રીતે વાકેફ હતા અને છે, જેથી સદર લખાણો બાબતે તેમની જાહેર નોટીસમાં જે હકીકતો જણાવેલી છે તે હકીકતો કોઈપણ રીતે માની શકાય તેમ ન હતી કે નથી. તેમજ તેમણે જ તેમની જાહેર નોટીસમાં કબુલ રાખેલ છે કે, તેમણે મારા અસીલના લાભમાં કાયદેસરના કરારો તથા તેમણે કુલમુખત્યારનામું કેનેડાથી મારા અસીલના નામનું મોકલેલુ હતુ અને તે મુજબ મારા અસીલે કાર્ય અને કૃત્યો કરેલા હતા અને છે. તેમજ મારા અસીલ પાસેથી લખાણો બાબતેના અવેજો પણ જાસ્મીનબેન તે જયંતિભાઈ ગાંડાભાઈ પટેલની દિકરીનાએ લીધેલા છે. તેમજ મારા અસીલના લાભમાં કરી આપેલા કુલમુખત્યારનામાંના આધારે મારા અસીલે જાહેર નોટીસમાં વર્ણવેલ મિલકતો પૈકી શ્રી રામ નિવાસમાં આવેલ તેમના ફ્લેટનો કબજો પણ કાયદેસર રીતે કાર્યવાહી કરીને મારા અસીલે તેમના માટે મેળવેલો હતો. પરંતુ હાલ જાસ્મીનબેન તે જયંતિભાઈ ગાંડાભાઈ પટેલની દિકરી બદદાનત થયેલાનું દેખાય આવે છે, તેમજ કરી આપેલ કરારોમાંથી ફરી જવા માંગે છે. મારા અસીલના લાભમાં જે કરારો જાસ્મીન તે જયંતિભાઈ ગાંડાભાઈ પટેલની દિકરીનાએ કરી આપેલા છે તે બાબતે મારા અસીલ તેમના વિરૂધ્ધ તેમની જાહેર નોટીસમાં જણાવેલ જમીન/મિલકત બાબતે ટુંકમાં સમયમાં આરંભશે. જેની પણ જાહેર જનતાએ ખાસ નોંધ લેવી. તેમજ મારા અસીલ સાથે જાસ્મીનબેન તે જયંતિભાઈ ગાંડાભાઈ પટેલની દિકરીનાએ કરી આપેલા કરારોમાંથી ફરી જવાના ગુના બાબતે તેમના વિરૂધ્ધ ફોજદારી રાહે તેમજ છેતરપીડી, વિશ્વાસઘાત તમામ ગુનાઓ વિરૂધ્ધ સુરત પોલીસ કમીશ્નર સાહેબશ્રી રૂબરૂ તથા ભારતમાં આવેલ કેનેડાની એમ્બેસી તથા કેનેડામાં આવેલ ભારતની એમ્બેસીમાં ફોજદારીરાહે ફરીયાદ નોંધાવશે. જેની પણ ખાસ નોંધ તાકીદે લેવાની જરૂર છે.

ઉપરોકત નોટીસ મારી સુચના અને ફરમાઈશથી આપવામાં આવેલ છે. જેના કથનો સાચા અને ખરા છે.

(નિલ્પેશ જશવંતભાઈ પટેલ)

૩૦૧-૩૦૨, કોર્પોરેટ એવન્યુ, ડો. માણેકજી સ્ટ્રીટ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૫૭૦૫૯૩.

વિપુલ બી. કનસાડવાલા
એડવોકેટ

જાહેર ચેતવણી ફોટોમાં દર્શાવેલ વ્યકિત **યશકુમાર રાજેન્દ્રકુમાર કોસાડીયા** અમારા અસીલશ્રીના પુત્ર થાય છે. તેઓ અમારા અસીલશ્રીના કહ્યામાં નથી અને અવર નવર સમજાવવા છતાં અમારા અસીલશ્રીનું માનતા નથી અને પોતાનું ધારેલુ કરતો ચાલી આવેલ હોય જેથી અમારા અસીલે તેઓની પોતાની સ્થાવર તથા જંગમ મીલકતમાંથી બેદખલ કરેલ છે. અને તેઓ સાથેના તમામ સંબંધ તોડી નાખેલ છે. જેથી અમારા અસીલશ્રીના નામે તેઓ સાથે કોઈપણ વ્યકિતીએ કોઈપણ જાતનો વ્યવહાર, લેણદેણ, કે નાણાકીય લેતી-દેતી કરવી નહી કે ધંધો કરવો નહી અને જ કરશે તો તેની તમામ જવાબદારી તેમની એકલાની રહેશે, જેની નક્કી નોંધ લેશે.

ઓફીસ : ૩૭–એ, પહેલો માળ, વર્ધમાન પાર્ક, સતાધાર ચોકડી પાસે, કોસાડ રોડ અમરોલી, સુરત. મો. ૯૯૦૪૦ ૧૦૬૪૩.

મારી મારફત : **પી બી. પટેલ**
તે રાજેન્દ્ર મોહનલાલ કોસાડીયાના એડવોકેટ

જાહેર ચેતવણી ફોટોમાં દર્શાવેલ વ્યકિત **ભાવિક રાજુલાલ ઉર્ફે ભુપેન્દ્ર પારેખ** અમારા અસીલશ્રીના પુત્ર થાય છે. તેઓ અમારા અસીલશ્રીના કહયામાં નથી અને અવર નવર સમજાવવા છતાં અમારા અસીલશ્રીનું માનતા નથી અને પોતાનું ધારેલુ કરતો ચાલી આવેલ હોય જેથી અમારા અસીલે તેઓની પોતાની સ્થાવર તથા જંગમ મીલકતમાંથી બેદખલ કરેલ છે. અને તેઓ સાથેના તમામ સંબંધ તોડી નાખેલ છે. જેથી અમારા અસીલશ્રીના નામે તેઓ સાથે કોઈપણ વ્યકિતીએ કોઈપણ જાતનો વ્યવહાર, લેણદેણ, કે નાણાકીય લેતી-દેતી કરવી નહી કે ધંધો કરવો નહી અને જો કરશે તો તેની તમામ જવાબદારી તેમની એકલાની રહેશે, જેની નક્કી નોંધ લેશે.

ઓફીસ : ૩૭–એ, પહેલો માળ, વર્ધમાન પાર્ક, સતાધાર ચોકડી પાસે, કોસાડ રોડ અમરોલી, સુરત. મો. ૯૯૦૪૦ ૧૦૬૪૩.

મારી મારફત : **પી બી. પટેલ**
તે રાજુલાલ ઉર્ફે ભુપેન્દ્ર બાબુલાલ પારેખના એડવોકેટ

મોજે : તરસાડી, તા. મહુવા, જી. સુરતના સર્વે નં. ૮૫, બ્લોક નં.૭૬ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ- ડીસ્ટ્રીકટ મહુવાના મોજે ગામ તરસાડીના સર્વે નંબર : ૮૫, બ્લોક નંબર : ૭૬ કે જેનુ જરાયત ક્ષેત્રફળ સુમારે હે. ૧ - ૮૪ આરે ૩૨ ચો.મી. કે જેનો આકાર રૂા.૧૭.૯૪ પૈસા, ખાતા નંબર : ૧૪૫૧ છે તે ખેતીની જુની શરતની જમીન તેના માલીક (૧)તેજસકુમાર ઠાકોરભાઈ પટેલ, (૨) પદમાબેન મનીષભાઈ પટેલ, (૩)જેનીષભાઈ મનીષભાઈ પટેલ તથા (૪)સગીર વિધ્યાબેન મનીષભાઈ પટેલના કુદરતી વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે પદમાબેન મનિષભાઈ પટેલનાઓએ પોતાની સંયુક્ત માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કર્યુ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત)માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલ્કતમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ નાણાંકીય વ્યવહાર કરી પાકા દસ્તાવેજો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે હકક દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી. તા. ૧૭/૦૫/૨૦૨૬

હિતેશ જે. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૮૮

અમર બી. જરીવાલા
એડવોકેટ
મો. ૯૦૧૬૨૫૬૨૯૯

ઓફિસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત.

–: વેચાણ અંગેની જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટના મોજે ગામ ઉમરાછી ના ખાતા નં. ૭૯, રેવન્યુ સર્વે ન. ૨૧૦/૧, બ્લોક નં. ૨૧૨/અ, જેનું ક્ષે. હે. આરે ૦-૪૬-૫૪ચો.મી. અને આકાર રૂા. ૫.૦૦ પૈસા છે તે જુની શરતની ખેડખાતાની ખેતીની જમીન તથા બ્લોક નં. ૨૧૨/બ, જેનું ક્ષે. હે આરે. ૧-૪૬-૭૦ ચો.મી. અને આકાર રૂા. ૧૭.૩૧ પૈસા છે તે જુની શરતની ખેડખાતાની ખેતીની જમીનો (૧) નિરૂબેન અમૃતભાઈ, (૨)નયનાબેન અમૃતભાઈ, (૩)ભારતીબેન અમૃતભાઈ, (૪)અરવિંદભાઈ અમૃતભાઈના ઓએ પોતાની સંયુક્ત સ્વતંત્ર માલીકી તથા પોતાના પ્રત્યક્ષ કબજા વહીવટ ભોગવટા હેઠળની, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી ચાલી આવેલી હોવાનું જણાવી તેમજ સદરહુ જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈનો કોઈપણ રીતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ કે અધિકાર નથી તેમજ સદરહુ જમીન તેઓએ અન્ય કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો યા અન્ય હરકોઈ રીતે તબદીલ કે ટ્રાન્સફર કરી કરાવી આપેલ નથી કે તેવા કોઈ પણ જાતના લખાણો અન્ય કોઈપણ સંસ્થા, વ્યકિત કે અન્ય કોઈને કરી કરાવી આપેલ નથી તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપી અમારા અસીલ પાસેથી બ્યાંનાની રકમ સ્વીકારી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. આથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંકનો કે અન્ય કોઇનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે અધિકાર કે દર-દાવાના પ્રકરણો, ચાર્જ, બોજો યાં ખોરાકી પોશાકીના હકક, આવવા જવા રોડ રસ્તાના, ઈઝમેન્ટના હકક અધિકાર કે અન્ય હકક અધિકાર કે બોજો, મોર્ગેજ કે કોઈપણ પ્રકારના લખાણોને અધિકાર હોય તો તેઓએ જરૂરી પુરાવાઓ સાથે લેખીત વાંધાઓ સહિત આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૧૦ માં નીચે જણાવેલ સરનામે રૂબરૂ સંપર્ક સાંધવો. જો તેમ કરવામાં કસુર યા ચૂક થશે તો સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હિત હિસ્સો કે અધિકાર, ચાર્જ, બોજો ત્યાં ખોરાકી પોશાકી, ઈઝમેન્ટના હકક અધિકાર રહેલા નથી અને જો રહેલા હોય તો તે મજકુર માલીકોના લાભમાં છોડી દીધેલ યાને વેઇવ કરેલ હોવાનું માની લઈ, વેચાણ અવેજની બાકીની રકમ ચૂકવી રજી. વેચાણ દસ્તાવેજ તેમજ સદરહુ જમીન અંગેના અન્ય પાકા લખાણો અમારા અસીલ ધ્વારા કરી કરાવી લેવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા. ૧૬/૦૫/૨૦૨૬

વાસુદેવ ગોપલાણી
અલ્પેશ ધનસુખભાઈ પટેલ તે **ભાવેશ બાલુભાઈ વણકર**
ખરીદનારના એડવોકેટસ
૨૦૪, લીબર્ટી ચેમ્બર્સ, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત. મો. ૯૮૨૫૧ ૦૭૫૮૪

વરાછામાં રત્નકલાકારનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભાદ્રોડ ગામના વતની અને હાલ વરાછા લંબે હનુમાન રોડ પર આવેલી સપના સોસાયટીમાં ૩૬ વર્ષીય મહેશભાઈ ધીરજભાઈ જેઠવા પરિવાર સાથે રહેતા હતા અને હીરાના કારખાનામાં કામ કરી પત્ની, એક પુત્ર અને એક પુત્રી સહિતના પરિવારનું ભરણપોષણ કરતા હતા. મહેશભાઈનો કામ ધંધો હાલમાં બરાબર ચાલતો નહીં હોવાથી ઘરમાં આર્થિક તંગી પડી રહી હતી. જેથી આર્થિક સંકડામણમાં આવી મહેશભાઈએ ગઈકાલે રાત્રે ઘરે હુંક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

અમારા થકી શેર બજારમાં રોકાણ કરી દર મહિને
૧.૫% થી ૨ % સુધી વળતર
મેળવો
9879058276

જોઈએ છે
ઓલપાડ સ્થિત ફેકટરી માટે સુપરવાઈઝર અનુભવી, બિન અનુભવી
કવોલીફીકેશન ૧૨ + બેઝિક કોમ્પ્યુટર નોલેજ જરૂરી
9316122789

જાહેર નોટીસ ડુમસ ૭૭૭

સુરત ડિસ્ટ્રીક તાલુકા મજૂરા ગામ ડુમસનાં સર્વે / બ્લોક નં ૭૭૭ જેનું કુલે ક્ષેત્રફળ ૦.૮૪-૯૮ વાળી બિનખેતી ની જમીન હમારા અસીલ દિપકભાઈ મહેતા એ એડવોકેટ શ્રી બક્ષી સાહેબ હસ્તક ગૌરાંગભાઈ ઉપાધ્યાય પાસેથી ખૂબ મોટું પેમેન્ટ કરી સદરહું જમીન માં ૧૬.૬૬% નો વણ વહેચાયેલો હિસ્સો રાખેલો હતો. અને જે તે સમયે ગૌરાંગભાઈ ઉપાધ્યાય એ સ્પાન ડેવલોપર્સ પ્રા.લિ. નામની કંપની બનાવેલ હતી અને તે કંપની એ તા. ૩૧/૩/૨૦૦૮ નાં રોજ સુરત ૧ અથવા રજીસ્ટર ની ઓફિસમા વેચાણ દસ્તાવેજ નંબર ૧૧૨૩૬/૦૮ થી રજીસ્ટર થયેલો હતો. આ વે.દસ્તાવેજ કોળી પંચ નાં વહીવટ કર્તા મોહનભાઇ ચીમનભાઈ પટેલ વિ. ઓ એ કરી આપેલો હતો.

જે વેચાણ દસ્તાવેજ હમારા અસીલ દીપકભાઈને ગૌરાંગભાઈ તથા દિનેશભાઇ ચંદુલાલ એ બતાવીને હમારા અસીલ પાસેથી પાનકાર્ડ અને ફોટા સહિત ડોક્યુમેન્ટ લઈ સ્પાન ડેવલોપર્સ પ્રા. લિ. નાં શેરો આપવાનું કીધું હતું અને આ વે. દસ્તાવેજ માં ૧૬.૬૬% નો વણ વહેચાયેલો હિસ્સો દીપકભાઈ મેહતા નો રાખેલ હતો.

પરંતુ સદરહું જમીન અંગે ગૌરાંગભાઈ ઉપાધ્યાય ની નિયત માં પહેલે થી ખોટ હતી. જેથી તેઓએ આ જમીન અંગે અલગ અલગ તારીખે નીચે મુજબ નાં ડોક્યુમેન્ટ બનાવેલા હતા.

તારીખ ૨૮/૬/૨૦૦૪ નાં રોજ કબજા રસીદ બનાવેલ હતી જે કબજા રસીદ ભીખાભાઈ દયાળભાઈ, ડાહીબેન, જશવંતભાઈ, રાજુભાઇ, રાજેશભાઇ, ગીતાબેન, પાર્વતીબેન, ભાનુબેન, સુધાબેન, દક્ષાબેન, એ ગૌરાંગભાઈ ઉપાધ્યાય ને લખી આપેલ હતી. જેમાં આ ખેડૂતોનો ફક્ત જમીન માં કબજો હતો. રેવન્યુ રેકોડ પર નામ ન હતા. ત્યારબાદ ફરીથી તા ૨૮/૭/૨૦૦૪ નાં રોજ કબજા રસીદ લખી આપનાર ભીખાભાઇ,ડાહીબેન, જશવંતભાઈ, રાજુભાઇ, રાજેશભાઇ, ગીતાબેન, પાર્વતીબેન, ભાનુબેન, સુધાબેન, અને દક્ષાબેન એ ગૌરાંગભાઈ ઉપાધ્યાય ને લખી આપેલ હતી.ત્યારબાદ તે જ દિવસે ૨૮/૬/૨૦૪ નાં રોજ આ જ ખેડૂતો પાસે ડેવલોપમેન્ટ કરાર કરાવી લીધો હતો તથા ગૌરાંગભાઈ ઉપાધ્યાય તથા બકુલ દલીચંદ દામાણી એ તા ૧૨/૧૨/૨૦૦૩ માં પણ સાટાખત આ જ ખેડૂતો પાસે કરવી લીધું હતું. અને ત્યારબાદ સ્પાન ડેવલોપર્સ પ્રા. લિ. નામનો વે. દસ્તાવેજ જેમાં હમારા અસિલનો ૧૬.૬૬% વણ વહેચાયેલો હિસ્સો છે. અને હમારા અસીલ કને થી ખૂબ જ મોટી રકમ પણ આ જમીન પેટે તેઓએ લઈ લીધે છે. તેમ છતાં સદરહું જમીન હાલમાં ત્રાહિત ઇસમોને વેચાણ કરવા નીકળેલા છે. આ જમીન કોઈ પણ ઇસમો એ વેચાણ થી કે સાટાખત થી લેવી નહી. નહી તો તકરાર સિવાય કોઈ ને કઈ પણ મળશે નહી. સદરહું જમીન અંગે દિનેશભાઇ ચંદુલાલ એ જે વે. દસ્તાવેજ અંદરો અંદર કરી દીધેલ છે. તે અંગે હમારા અસીલ દિનેશભાઇ ચંદુલાલ તથા ગૌરાંગ ઉપાધ્યાય તથા વે. દસ્તાવેજ લેનાર વિરુધ્ધ ભારતીય ન્યાસ સંહિતા ની કલમ હેઠળ ક્રિમિનલ ફરિયાદ કરનાર છીએ તથા સિવિલ રાહે પણ કોર્ટમાં કેસ કરનાર છીએ જેની લગતા વળગતા ઓએ નોંધ લેવી.

તા. ૧૭/૦૫/૨૦૨૬

જીતેન્દ્ર એ. વાકાંવાલા એડવોકેટ
ઓફીસ : શ્રી ગેલેરીયા, ૪૨૮-૪૨૯, ચોથો માળ, સંજીવકુમાર ઓડીટોરીયમની બાજુમાં, પાલ-અડાજણ, સુરત. મોઃ ૯૮૨૫૩-૨૪૯૭૮.

એડવોકેટ અજયકુમાર ડી. કાકડીયા નાઓએ આપેલ ટાઇટલ ક્લિયરન્સ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

ડીસ્ટ્રીક્ટ **સુરત,** સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકા **અરેઠ**ના મોજે **બૌધાન** ગામના **બ્લોક નંબર ૧૧૦/૧, સર્વે નંબર ૫૮, ખાતા નં. ૧૦૭૫** ની ખેતીની જમીન કે જેનુ જરાયત ક્ષેત્રફળ **હે.આરે. ૦-૨૩-૭૮ ચો.મી. આકાર રૂપિયા ૨.૮૮ પૈસા વાળી** ખેતીની જમીન બાબતે એડવોકેટશ્રી અજયકુમાર ડી. કાકડીયા એ **તા. ૧૨/૦૫/૨૦૨૬** ના રોજ ગુજરાતમિત્ર દૈનિક વર્તમાનપત્રમાં આપેલ ટાઈટલ ક્લિયરન્સ અંગેની જાહેર નોટીસ ખોટી, ગેરકાયદેસરની તેમજ જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી છે. અમારા અસીલ **નઈમ ખાનનમહમદ શેખ** નાઓએ સદર જમીન મીલકત તથા તેમાં આવેલ તબેલા સહીત મુળ માલીક **મોહમદ હનીફ યાકુબ તાઈ** પાસેથી તા. ૦૧/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૪/૨૦૩૫ સુધી યાને ૧૦ વર્ષની મૃદત માટે વાવવા માટે રાખેલ છે. જે અંગેનો કરાર તા. ૧૨/૦૮/૨૦૨૫ ના રોજ મુળ માલીક મોહમદ હનીફ યાકુબ તાઈ નાએ અમોના અસીલને સાક્ષીની રૂબરૂમાં કરી આપેલ છે. અને ૧૦ વર્ષના કુલ રકમ રોકડમાં ચુકવેલ છે. અને અમોના અસીલને સ્થળ ઉપર કબજો સુપ્રત કરવામાં આવેલ છે. અને ખેતી કામ કરતા આવેલા છે. હાલમાં આજની તારીખે પણ અમોના અસીલ સદર જમીન મીલકતનો પ્રત્યક્ષ, પરોક્ષ રીતે કબજો, ભોગવટો ધરાવે છે. અને ચાલી આવેલ છે. મુળ માલીક **મોહમદ હનીફ યાકુબ તાઈ** નાએ સદર મીલકત અમોના અસીલની સંમતી વિના નાસિરહુશેન નસરુદીનભાઈ ગરાસિયા ને વેચાણ આપેલ છે. તે બાબતે અમોના અસીલની કોઈપણ પ્રકારની જવાબદારી ઉપસ્થીત થશે નહી. અને ભારતીય ફોજદારી ધારાની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરનાર છે. તેમજ જે કોઈ અમારા અસીલની સંમતિ વિનાના કોઈપણ લખાણો ઉભા કરશે કે કરાવશે તો અમારા અસીલને બંધનકર્તા રેહશે નહી. જેની આથી જાહેર જનાતાએ તથા લાગતા વળગતાએ નોંધ લેવી. **તા.૧૬/૦૫/૨૦૨૬**

મારી સુચનાથી

સુરેશ પી. ડાખરા (એડ. એન્ડ નોટરી) તે નઈમ ખાનનમહમદ શેખ ના એડવોકેટ
ઓફિસ નં. ૧૮૫/૧૮૬, બીજો માળ, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા, જી. સુરત. મો. નં. ૯૯૨૫૦૨૮૨૨૨

ડિસ્ટ્રીક્ટ સુરત સબડિસ્ટ્રીક્ટ યાને તાલુકે ઓલપાડ ના મોજે ગામ : અંભેટાના બ્લોક નંબર : ૨૫૯/બ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, **ડિસ્ટ્રીક્ટ સુરત** સબડિસ્ટ્રીક્ટ યાને **તાલુકે ઓલપાડ** ના મોજે **ગામ : અંભેટાના રેવન્યુ સર્વે નંબર : ૨૦૯/૧,૨૦૯/૩, બ્લોક નંબર : ૨૫૯/બ, ખાતા નંબર :** ૮૧૨ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે, જેનું ક્ષેત્રફળ **હે.આરે.ચો.મી. ૧-૦૮-૨૫ યાને ૧૦૮૨૫-૦૦ ચોરસ મીટર** છે અને જેનો **આકાર રૂા. ૧૪-૮૭ પૈસા** છે, તે જુની શરતની ખેતીની જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબ્જેદાર તરીકે **(૧) ચેતનકુમાર રમણભાઈ પટેલ (૨) દિપકકુમાર રમણભાઈ પટેલ** નાઓએ તમામ રીતના ટાઇટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબ્જેદાર તરીકે સદરહુ જમીનની તેમને એકલાને હરકોઇ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હકકો સહિત વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીગ જેવી સંસ્થાનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, સંબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી-પોષાકીના હકકો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ આપવા સામે કે અન્ય કોઈપણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત **દીન-૭ (સાત)** માં હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હકક-હિત-હિસ્સા, દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૬.૦૫.૨૦૨૬ ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઈસથી આપેલ છે.

અમર વી. પટેલ (એડવોકેટ)
SAHAJ LEGAL LAW FIRM
સુરત ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ઓલપાડ ઓફિસ : ૨૨૨-૨૨૩, દ્વારકાધીશ કેમ્પસ, તાલુકા સેવાસદનની સામે,
બારડોલી ઓફિસ : ૧૦૧-૨ શ્રીજી કોમ્પ્લેક્સ કોર્ટ ની બાજુમાં, બારડોલી
મો. ૯૮૨૫૧ ૪૨૪૦૧ www.sahajlegallawfirm.com

જીલ્લો : નવસારી, તાલુકો : જલાલપોર, મોજે ગામ : પોંસરાનાં જુના બ્લોક નં. ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯ કે જેના નવા બ્લોક નં.૪૭૭, ૪૭૫, ૪૭૬, ૪૮૧, ૪૮૦ છે તે જમીન ઉપર ગ્રીન ગ્રુપ દ્વારા આયોજીત પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક અંગે ખરીદનારાઓ, રોકાણકારો અને બેંક સહીત નાણા ધીરનાર સંસ્થાઓ સાવધાન સહ જાહેર ચેતવણી કમ જાહેર નોટીસ

ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયાએ સદરહુ બધી જ જમીનો તેમની માલીકી અને કબજાની હોવાનું જાહેર કરી સદરહુ જમીનો ઉપર **" સાંઈ ફલોરા પાર્ક વિભાગ–૧ અને વિભાગ–૨ "** નામથી ૩૪૮ પ્લોટસનું પ્લોટીંગ કરેલ અને તે અંગેના બ્રોસર બહાર પાડી બ્રોસર વિતરણ કર્યા હતા/છે.

સદરહુ જમીનના પ્લોટસ પૈકી કુલ્લે ૩૭ પ્લોટસ ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયાએ અમો ૨૪ વ્યકિતઓને જુદા જુદા પ્લોટસ નંબરોના ઉલ્લેખ સહીતની ડાયરી લખી વેચાણ આપેલ. તદઉપરાંત ચંદ્રેશ કોટડીયાએ અમને વેચાણ કરેલા પ્લોટસના અમારા બધા જ પાસેથી ટુકડે ટુકડે સંપુર્ણ વેચાણ અવેજ સ્વીકારી અમારા નામે, હીત અને તરફેણમાં ચંદ્રેશ કોટડીયાએ તેમના ફોટા અને અંગુઠાના નીશાન સહીતની જુદી જુદી કબજા રસીદો નોટરી રૂબરૂમાં લખી સહીઓ કરી આપેલ છે. કબજા રસીદો અન્વયે સદરહુ પ્લોટસના અમને માલીક બનાવ્યા છે અને અમને પ્લોટસના પ્રત્યક્ષ કબજા પણ સોંપ્યા છે. ચંદ્રેશ કોટડીયાએ સદરહુ ૩૪૮ પ્લોટસો પૈકીના મહત્મ પ્લોટસ જુદા જુદા ખરીદનારાઓને વેચાણ આપેલ હોવાની જાણકારી છે.

અમારા પ્લોટસના વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે ચંદ્રેશ કોટડીયા નિષ્ફળ ગયેલા. તેઓના ગુનાહીત કૃત્યનો ભાંડો ફુટી જવાથી ચંદ્રેશ કોટડીયાએ અમારા પ્લોટસમાં અમારી રોકાયેલી મુડી અમને પરત કરવાનું વચન, વિશ્વાસ અને બાંહેધરી આપી અમારા નામે, હીત અને તરફેણમાં "નાણા પરત કરવાનું લખાણ" નોટરાઈઝડ કરી આપેલ. પરંતુ ચંદ્રેશ કોટડીયાએ તેમની ખોટી નીતિ અને નિયતે સદરહુ લેખનો પણ અમલ કરેલ નહી.

ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયાના ગુનાનો અમો ભોગ બનનારાઓએ સમ્રગ બનાવના દસ્તાવેજી પુરાવાઓ આધારે અઠવાલાઈન્સ પો.સ્ટે.માં ચંદ્રેશ કોટડીયા વિરૂધ્ધ ઈ.પી.કોડ કલમ ૪૦૯ અને ૪૨૦ મુજબ ગુ.રજી.નં. પાર્ટ એ ૧૧૨૧૦૦૦૫૨૪૦૭૬૨/૨૦૨૪ થી ગુનો નોંધાવેલ છે. સદરહુ કેસ બીજા એડી.ચીફ જયુડી.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૧૧૦૪૩૦/૨૦૨૪ ચાર્જ ફ્રેમ માટે છે.

સદરહુ ગુનાના કામે જેલવાસ ભોગવતા ચંદ્રેશ કોટડીયાએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જામીન મુકિત માટે કરેલ કાર્યવાહી દરમ્યાન અમને અમારી લેણી રકમ ચુકવી આપવાની બાંહેધરી માટે અમારી તરફેણમાં તારીખ : ૧૬/૦૭/૨૦૨૪ ના રોજ નોટરાઈઝડ સમજુતી કરાર તેમજ જુદા જુદા ચેકસ લખી સહી કરી આપેલ. જે સમજુતી કરાર તથા ચેકસ ઉપર ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયાએ પોતાની સહી, ફોટા અને અંગુઠાના નીશાન જેલરશ્રી,લાજપોર સેન્ટ્રલ પ્રિઝન, સુરત (ગુજરાત) હાજરી રૂબરૂના સહી સિકકા કરી કર્યા હતા/છે. ચંદ્રેશ કોટડીયાના લગભગ બધા જ ચેકસ ડીસઓનર થયા હોવાથી તેની વિરૂધ્ધ ચેકસ રીર્ટનની અલગ અલગ ફરીયાદો પણ કરવામાં આવી છે.

સમજુતી કરારની શરત નં. ૮ માં ચંદ્રેશ કોટડીયાએ કાનુની કબુલ રાખેલ છે કે તેઓ અમારી રકમ પરત કરે ત્યારબાદ જ સદરહુ જમીન તળેના પ્લોટસ અંગેની અમારા નામની ડાયરી, કબજા રસીદો તથા નાણાં પરત કરવાનું લખાણ રદબાતલ ગણાશે. જો ચંદ્રેશ કોટડીયા સમજુતી કરારનો અમલ ન કરે તો ઉપરોકત તમામ લખાણો અમલમાં જ છે અને રહેશે.

સબબ, સદરહુ જમીનો ઉપરના અમારા પ્લોટસની અમારી માલીકી, ટાઈટલ અને કબજા હકક આજે પણ યથાવત છે અને હોવાથી અમારા પ્લોટસ તળેની સદરહુ જમીનો ફેર વેચાણ કરવાનો ચંદ્રેશ કોટડીયાને કાનુની કોઈ જ માલીકી, ટાઈટલ કે કબજા કોઈ હકક રહયા ના હતા.

તેમ છતા સદરહુ જમીનો પૈકી નવો બ્લોક નં. ૪૭૭ (જુનો બ્લોક નં. ૨૭૫) વાળી જમીન અંગે ચંદ્રેશ કોટડીયાના નામના ઉલ્લેખ સાથે એડવોકેટ ફેમીના ચપટવાલા નાંએ તારીખ : ૩૧/૦૧/૨૦૨૪ ના રોજ ગુજરાત મિત્ર વર્તમાનપત્રમાં વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ. જેનો અમારા વકીલશ્રી મારફતે અમે, એડવોકેટ ફેમીના બી ચપટવાલા ને રજી.પોસ્ટ એ.ડી. મારફતે વાંધા સહીતનો લેખીત જવાબ અને વળતી નોટીસ પણ આપેલ. તદઉપરાંત અમો તેમજ અન્ય પ્લોટસ હોલ્ડરોએ તારીખ : ૦૬/૦૧/૨૦૨૪ ના રોજ ગુજરાત મિત્ર વર્તમાનપત્રમાં વકીલશ્રીઓ મારફતે અલગ અલગ જાહેર જવાબ સહ જાહેર ચેતવણી પણ પ્રસિધ્ધ કરાવેલ.

કાનુની અને હકિકતલક્ષી સ્પષ્ટતા છતા ચંદ્રેશ કોટડીયા અને અલ્પેશ ગોકળભાઈ કોટડીયાએ એકબીજાના મેળાપીપણામાં સદરહુ નવો બ્લોક નં. ૪૭૭ (જુનો બ્લોક નં. ૨૭૫) વાળી જમીનનો કપટપુર્ણ નોંધાવેલ રજી.વેચાણ દસ્તાવેજની કાચી નોંધ નં. ૫૩૬૭ વિરૂધ્ધ અમોએ વાંધા અરજી આપેલ. જે કારણે નવસારીના નાયબ કલેકટરશ્રીએ આરટીએસ/તકરારી કેસ નં. ૪૯/૨૦૨૪ ચલાવી સદરહુ નોંધ નં ૫૩૬૭ **"નામંજુર"** કરતો હુકમ ફરમાવેલ. સદરહુ હુકમ વિરૂધ્ધ અલ્પેશ કોટડીયાએ નવસારીના કલેકટરશ્રી સમક્ષ આરટીએસ/રીવીઝન નં. ૧૦૪/૨૦૨૫ કરેલ. અમારી લેખીત રજુઆત પછી તેમણે સદરહુ કેસ પરત ખેંચી લીધેલ છે.

ચંદ્રેશ કોટડીયા અને અલ્પેશ કોટડીયાએ વધુ ગુનાહીત બદઈરાદાપુર્વક જ સદરહુ જમીનો પૈકી નવો બ્લોક નં. ૪૭૫ (જુનો બ્લોક નં. ૨૭૬) વાળી જમીનનો પણ નોંધાવેલ રજી.વેચાણ દસ્તાવેજની કાચી નોંધ નં. ૫૬૭૬ વિરૂધ્ધ અમારી વાંધા અરજી કારણે નવસારીના નાયબ કલેકટરશ્રીએ આરટીએસ/તકરારી કેસ નં. ૧૧૧/૨૦૨૫ ચલાવી વાંધા અરજી **"નામંજુર"** કરતો હુકમ ફરમાવેલ.

અમોએ, નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલ **R/CRIMINAL MISC. APPLICATION (FOR CANCELLATION OF BAIL) NO. 9789 of 2025** ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે તારીખ : ૧૦/૦૨/૨૦૨૪ ના રોજ ઓરલ ઓર્ડર ફરમાવી ચંદ્રેશ કોટડીયાના જામીન કેન્સલ યાને રદ કરી દીધા છે. સદરહુ હુકમના અમલ માટે સુરત પોલીસ કમીશનરશ્રી તથા અઠવાલાઈન્સ પો.સ્ટેમાં તારીખ : ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ અમોએ લેખીત અરજી કરી છે. ચંદ્રેશ કોટડીયા નાસતા ફરે છે. સમ્રગ બનાવ/હકિકત/ગુના અંગે અમોએ તારીખ : ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર વર્તમાનપત્રમાં જાહેર નોટીસ પણ આપેલ છે.

અન્ય પ્લોટસ હોલ્ડરોએ સદરહુ જમીન સંદર્ભેના તેમના પ્લોટસ અંગે રેગ્યુ. દિ.મુ.નં. ૩૨/૨૦૨૪ તથા રેગ્યુ. દિ.મુ.નં. ૩૩/૨૦૨૪ કરેલ હોવાની જાણકારી છે.

સદરહુ જમીનો અંગેના કાનુની પ્રકરણો, રેવન્યુ રેકર્ડ, વર્તમાન પત્રોની જાહેર નોટીસ અને અનેકો વળતા જવાબો જગજાહેર હોવા છતા **ગ્રીન ગ્રુપ** ધ્વારા સદરહુ જમીનો સહીતની અન્ય જમીનો ઉપર **પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક** નું આયોજન કર્યુ હોવાના બ્રોસર વિતરણ કરવામાં આવ્યા છે. ચતુરાઈ, ચાલાકી અને કુનેહપુર્વક બ્રોસરમા સદરહુ જમીનો સહીત અન્ય કોઈ પણ જમીનોના બ્લોક/સર્વે નંબરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તારીખ : ૧૩/૦૩/૨૦૨૬ ના રોજની ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ મુજબ સદરહુ જમીનો ખેતીની જમીન તરીકે જ ચાલી આવેલ છે.

સદરહુ જમીન પૈકીના પ્લોટસની અમારા માલીકી, ટાઈટલ અને કબજા હકક દર્શક પુરાવાઓ સહીત સદરહુ જમીન અંગેના કાનુની પ્રકરણોના દસ્તાવેજી પુરાવાઓ સહીત અમે તારીખ : ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ લેખીતમાં રજી.પોસ્ટ મારફતે ગ્રીન ગ્રુપ ને જાણ કરી માહીતગાર અને વાકેફ કર્યા છે.

સદરહુ જમીનો અંગે નવસારી કલેકટરશ્રીને બિનખેતીની પરવાનગી આપવા સામે તેમજ નગર નિયોજકશ્રીને વિકાસ પરવાનગી આપવા સામે અમોએ વાંધા અરજી આપી છે. તદઉપરાંત સદરહુ જમીન અને/અગર સદરહુ જમીન ઉપરના પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક અંર્તગત અને/અગર અન્ય કોઈ પણ પ્રોજેકટ અંર્તગત પાડવામાં આવતા પ્લોટસ/મિલકત અંગે કોઈ પણ પ્રકારનું નાણાકીય ધિરાણ, ફેસીલીટીઝ, લોન ના આપવા જુદી જુદી અનેકો નાણાકીય સંસ્થા/બેંકસને તમામ પુરાવાઓ સહીત અમે રજી.પોસ્ટ મારફતે લેખીત વાંધા અરજી પણ આપેલ છે.

સમજુતી કરારની શરતમાં જણાવ્યા મુજબ અમારા નામોની ડાયરી, કબજા રસીદો અને નાણા પરત આપવાનું લખાણ કાયદેસર અમલમાં જ હતા, છે અને હોવાથી અમારી માલીકી, ટાઈટલ અને કબજા હકકને અસર, નુકશાન કે હાની થાય તે રીતે સદરહુ જમીનો સંદર્ભે **ચંદ્રેશ પ્રવિણભાઈ કોટડીયા કે અલ્પેશ ગોકળભાઈ કોટડીયા** સાથે તેમજ સદરહુ જમીન ઉપરના **ગ્રીન ગ્રુપ** ધ્વારા આયોજીત **પુજા આઈકોનીક ટેક્ષટાઈલ પાર્ક અંર્તગત પ્લોટસ/મિલકતમાં** કોઈ પણ વ્યકિત યા સંસ્થાએ ખરીદીના, રોકાણના, નાણા ધીરવાના કે અન્ય કોઈ પણ પ્રકારે નાણાકીય વ્યવહારો કે લખાણો કરવા–કરાવવા નહી. અન્યથા માલીકી અને કબજા હકકના ખામીયુકત ટાઈટલ અને કાનુની તકરાર સીવાય વિશેષ કશું પણ પ્રાપ્ત થશે નહી.

પુર્વગ્રહ વિના અને પ્રજાકીય હીતમાં આ જાહેર ચેતવણી કમ જાહેર નોટીસ ફકત ને ફકત સદરહુ જમીનો સંદર્ભે જ પ્રસિધ્ધ કરવામાં આવી છે.

અમારી સુચના અને સમંતિથી
ભુપેન્દ્રભાઈ પ્રાણલાલ ધારીવાલા વિગેરે

Devang S. Mehta, Manish C. Mehta (Advocates & Notary)
Nilesh D. Kadam, Vishnu M. Pechiwala (Advocates)
Office : 310-311, Wood Square, L.P. Savani Road, Adajan, Surat. Mob. No. 98252 79254.

Dr. Yogesh S. Patel
PhD, LLM, LLB
(Legal Advisor)
Mob. No. 98252 11709